# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-07-2024** **Evening : 7.50 to 8.00**

**Day : Thursday** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

*******************************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બજેટ પૂર્વેની બેઠકમાં દેશનાં પ્રસિધ્ધ અર્થશાસ્ત્રીઓનાં અભિપ્રાય મેળવ્યા
- નીટ યુજી પરિક્ષામાં કથિત ગેરરિતી કેસની સુનાવણી 18 જુલાઇ પર મુલતવી – સીબીઆઇએ પટણા, કોલકાતામાં દરોડા પાડ્યા
- કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ આજે વિશ્વ વસ્તી દિવસ પ્રસંગે નિમિત્તે પરિવાર નિયોજન માટેનાં સુગમ મોડલ પહેલનું અનાવરણ કર્યું
- દેશનાં મુખ્ય બંદરોનું વિકાસ કાર્ય પૂર્ણ થયું હોવાનું જણાવતા કેન્દ્રીય જળમાર્ગ મંત્રી સર્વાનંદ સોનોવાલ
- આગામી બે દિવસ દરમિયાન ઉત્તર પૂર્વ ભારતમાં ભારેથી અતિ ભારે વરસાદની હવામાન ખાતાની આગાહી
- ફુટબોલમાં, ઇંગલેન્ડે નેધરલેન્ડ્સને 2-1થી હરાવીને યુઇએફએ યુરોપિયન ચેમ્પિયનશીપ 2024 ફાઇનલમાં સ્થાન મેળવ્યું છે.

*******************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## EVE PM-ECONOMISTS BUDGET

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં નીતિ આયોગ ખાતે જાણીતા અર્થશાસ્ત્રીઓ સાથે કેન્દ્રીય બજેટ 2024-25 પહેલા તેમના મંતવ્યો અને સૂચનો જાણવા માટે વાર્તાલાપ કર્યો. નાણા મંત્રી  નિર્મલા સીતારમણ, નીતિ આયોગના ઉપાધ્યક્ષ સુમન બેરી, પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ પી કે મિશ્રા અને અગ્રણી અર્થશાસ્ત્રીઓ અને નિષ્ણાતોએ પણ બેઠકમાં હાજરી આપી હતી.

સંસદનું બજેટ સત્ર આ મહિનાની 22મી તારીખે શરૂ થશે અને 23મીએ નાણામંત્રી નિર્મલા સીતારમણ લોકસભામાં કેન્દ્રીય બજેટ 2024-25 રજૂ કરશે. નરેન્દ્ર મોદી સરકારના ત્રીજા કાર્યકાળમાં રજૂ કરવામાં આવેલું આ પ્રથમ બજેટ હશે. ગયા મહિને સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠક દરમિયાન, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ બજેટ સરકારની ભવિષ્ય માટે આશાવાદી અને  દૂરગામી નીતિઓ માટે  અસરકારક પગલું હશે. તેમણે કહ્યું હતું કે આ બજેટમાં મોટા આર્થિક અને સામાજિક નિર્ણયોની સાથે ઘણા ઐતિહાસિક પગલાં પણ જોવા મળશે. લોકસભા ચૂંટણીને કારણે આ વર્ષે ફેબ્રુઆરીમાં વચગાળાનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું.

## Sc NEET UG

સર્વોચ્ચ અદાલતે NEET UG 2024 કેસની સુનાવણી 18 જુલાઇ પર મુલતવી રાખી છે... સીબીઆઇએ આ મુદ્દે તેનો સ્ટેટસ રિપોર્ટ રજૂ ન કર્યો હોવાથી મુખ્ય ન્યાયમૂર્તિ ડી. વાય ચંદ્રચૂડની બનેલી બેન્ચે સુનાવણી મોકૂફ રાખી હતી.

બેન્ચે જણાવ્યું હતું કે,કેન્દ્ર સરકાર અને રાષ્ટ્રીય તપાસ સંસ્થા-NTAએ અદાલતનાં 8 જુલાઇનાં આદેશને અનુરુપ સોંગદનામા રજૂ કર્યા છે. જો કે કેટલાંક ફરિયાદીઓ વતી હાજર રહેલા વકીલોને એ સોગંદનામા હજુ મળ્યા નથી.

સર્વોચ્ચ અદાલત આજે વિવાદાસ્પદ NEET-UG 2024 મેડિકલ પ્રવેશ પરીક્ષાને લગતી શ્રેણીબદ્ધ અરજીઓની સુનાવણી કરવાની હતી, જેમાં 5 મેનાં રોજ પરીક્ષા દરમિયાન

ગેરરીતિઓનો આક્ષેપ કરતી અને ફરીથી પરીક્ષાની માંગણી કરતી અરજીઓનો સમાવેશ થાય છે. બુધવારે રજૂ કરવામાં આવેલા સોગંદનામામાં કેન્દ્રએ જણાવ્યું હતું કે,શિક્ષણ મંત્રાલયે IIT મદ્રાસને NEET-UG પરિણામોના વ્યાપક ડેટાનું વિશ્લેષણ કરવા વિનંતી કરી હતી અગાઉ સોમવારે અદાલતે કહ્યું હતું કે, NEET-UG 2024ની પ્રામાણિકતા સાથે ચેડાં થયા છે. દરમિયાન સીબાઇએ નીટ કેસમાં પટણા અને કોલકાતામાં ચાર સ્થળોએ દરોડા પાડ્યા હતા.

## NADDA - POPULATION DAY

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ આજે વિશ્વ વસ્તી દિવસ પ્રસંગે પરિવાર નિયોજન માટેનાં સુગમ મોડલ પહેલનું અનાવરણ કર્યું હતું. સુગમ મોડલ માતા અને બાળકની સુખાકારી માટે ગર્ભધારણનાં સ્વસ્થ સમય અને અંતર માટે તૈયાર કરવામાં આવ્યું છે.

નવી દિલ્હીમાં વિવિધ રાજ્યોનાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગો સાથેની વર્ચ્યુઅલ બેઠકમાં શ્રી નડ્ડાએ એ વાત પર ભાર મૂક્યો કે ભારતમાં પરિવાર નિયોજનનો ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યનું આત્મનિરીક્ષણ કરવાનો પ્રસંગ છે.

તેમણે જણાવ્યું કે, આગામી યોજનાઓને રાષ્ટ્રીય પરિવાર આરોગ્ય સર્વેક્ષણનાં આંકડા સાથે લાગુ કરવી જોઇએ અને વધુ વસ્તી દર ધરાવતા રાજ્યો પર વિશેષ ભાર મૂકવો જોઇએ.

## KERALA - SARBANANDA SONOWAL

કેન્દ્રીય જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે કહ્યું છે કે દેશના મુખ્ય બંદરોના વિકાસનું કામ પૂર્ણ થઈ ગયું છે.

શ્રી સોનોવાલ આજે કેરળના તિરુવનંતપુરમમાં વિઝિંજમ બંદર ખાતે દીવાદાંડીના ઉદ્ઘાટન પ્રસંગે સંબોધન કરી રહ્યા હતા. રાજ્યમાં દીવાદાંડી પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે

આપણા પૂર્વજોએ વહાણવટા ક્ષેત્રે જે સફળતા મેળવી હતી તેને અત્યારે ઉપલબ્ધઆધુનિક સંસાધનોની મદદથી આગળ વધારવી પડશે.

શ્રી સોનોવાલ આવતીકાલે ચીનના ઝિયામેન બંદરેથી આજે વિઝિંજામ પહોંચેલા જહાજ સાન ફર્નાન્ડોનું ઔપચારિક સ્વાગત કરશે. વિઝિંજામ એક આંતરરાષ્ટ્રીય બંદર છે જ્યાં મોટા જહાજોની અવરજવરથી રાજ્યની અર્થવ્યવસ્થાને વેગ મળવાની અપેક્ષા છે.

## IMD

ભારતીય હવામાન વિભાગે આગામી બે દિવસ દરમિયાન ઉત્તરપૂર્વ ભારતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. આવતીકાલથી **15**મી જુલાઈ સુધી કોંકણ અને ગોવા, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે, આગામી પાંચ દિવસ દરમિયાન આંદામાન અને નિકોબાર ટાપુઓ, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ અને સિક્કિમ, બિહાર અને ઉત્તરપૂર્વ ભારતમાં વાવાઝોડા અને વીજળી સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

આગામી પાંચ દિવસ દરમિયાન ઉત્તરાખંડ અને મધ્ય ભારતમાં ગાજવીજ સાથે વાવાઝોડા અને હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ, જમ્મુ-કાશ્મીર-લદ્દાખ-ગિલગિટ-બાલ્ટિસ્તાન-મુઝફ્ફરાબાદમાં પણ આગામી પાંચ દિવસ દરમિયાન છૂટાછવાયા હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. હવામાન વિભાગે આવતીકાલે ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને બિહાર અને અરુણાચલ પ્રદેશમાં ખૂબ જ ભારે વરસાદની આગાહી કરી છે.

# ID BREAK NEWS NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

## REV EVE- BIMSTEC

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે જણાવ્યું હતું કે ભારત માટે, બહુ-ક્ષેત્રીય ટેકનિકલ અને આર્થિક સહકાર માટે બંગાળની ખાડી પહેલ - **BIMSTEC** તેની પાડોશી પ્રથમ , 'એક્ટ ઈસ્ટ પોલિસી' અને **'SAGAR'** યોજનાનું પ્રતિનિધિત્વ કરે છે. તેઓ આજે નવી દિલ્હીમાં **BIMSTEC** વિદેશ મંત્રીઓની બીજા સમેલન સંબોધન કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે આ દિશામાં થઈ રહેલા તમામ પ્રયાસોમાં બંગાળની ખાડી ક્ષેત્ર પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

વિદેશ મંત્રીએ કહ્યું કે સંમેલનના પહેલા ભાગમાં , વેપાર વ્યાપાર, સ્વાસ્થ્ય અને અવકાશ, ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ક્ષમતા નિર્માણના ક્ષેત્રોમાં પરસ્પર સહયોગ અંગે ચર્ચા કરવામાં આવશે.

## OM-BIRLA-BRICS

લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ આજે જણાવ્યું હતું કે ભારત સમાવેશી વૃદ્ધિ અને ટકાઉ વિકાસના બ્રિક્સ ના ધ્યેયને આગળ વધારવામાં સક્રિય ભૂમિકા ભજવી રહ્યું છે. લોકસભા અધ્યક્ષ રશિયાના સેન્ટ પીટર્સબર્ગમાં **10**મા બ્રિક્સ સંસદીય મંચમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહ્યા છે.

બ્રિક્સ સંસદીય મંચમાં ચાર નવા સભ્યો - ઇજિપ્ત, ઇથોપિયા, ઈરાન, સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાતનું સ્વાગત કરતાં, શ્રી બિરલાએ સંગઠનમાં નવા સભ્યોના સમાવેશ માટે રશિયાના અધ્યક્ષપદની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે બ્રિક્સ વૈશ્વિક શાસનના વધુ લોકશાહીકરણ અને વૈશ્વિક સ્તરે સંયુક્ત રાષ્ટ્ર

સુરક્ષા પરિષદ અને વિશ્વ વેપાર સંગઠન જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં સુધારા માટે પ્રયત્નશીલ છે.

## CJI -INAUGRATION

ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) DY ચંદ્રચુડે આજે નવી દિલ્હીમાં સુપ્રીમ કોર્ટમાં નવા ફાઇલિંગ કાઉન્ટરનું ઉદ્ઘાટન કર્યું. આ એક બહુવિધ સુવિધા કેન્દ્ર છે જે સર્વોચ્ચ અદાલતના ન્યાય સુધી પહોંચવાના મિશન હેઠળ સ્થાપિત કરવામાં આવ્યું છે. નવું કેન્દ્ર વકીલોને કોર્ટમાં કામને સુવ્યવસ્થિત કરવા માટે તેમના કેસ સંબંધિત તમામ દસ્તાવેજો મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચુડે આ પ્રસંગે જણાવ્યું હતું કે બહુવિધ સુવિધા કેન્દ્ર ભારતના નાગરિકોને સુપ્રીમ કોર્ટ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાની ગુણવત્તામાં વધારો કરશે.

અગાઉ, નવા ફાઇલિંગ સેન્ટરના ઉદ્ઘાટન દરમિયાન, મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચુડે બ્રાઝિલના ન્યાયાધીશ જસ્ટિસ એન્ટોનિયો બેન્જામિનનું સ્વાગત કર્યું અને તેમને ભારતના નજીકના મિત્ર ગણાવ્યા. જુલાઈમાં બ્રાઝિલની સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ બનવા જઈ રહેલા જસ્ટિસ બેન્જામિન ભારતની મુલાકાતે છે

## J&K-BSF

જમ્મુ અને કાશ્મીરમાં કઠુઆમાં, વરિષ્ઠ BSF અને પોલીસ અધિકારીઓ આજે એક ઉચ્ચ સ્તરીય આંતરરાજ્ય સુરક્ષા સમીક્ષા બેઠકમાં ભેગા થયા હતા. આકાશવાણી જમ્મુના  સંવાદદાતા અહેવાલ આપે છે કે આ બેઠકમાં જમ્મુ અને કાશ્મીર પોલીસના મહાનિર્દેશક આર આર સ્વેન, પંજાબ પોલીસના મહાનિર્દેશક ગૌરવ યાદવ અને BSF, પશ્ચિમી કમાન્ડના વિશેષ મહાનિર્દેશક વાય બી ખુરાનિયા સહિત અન્ય અધિકારીઓએ  આંતરરાષ્ટ્રીય સરહદ પર સુરક્ષા ગ્રીડની સમીક્ષા કરવા માટે હાજરી આપી હતી.

તાજેતરમાં આંતરરાષ્ટ્રીય સરહદ પારથી ઘૂસણખોરી કરનારા આતંકવાદીઓએ કઠુઆ જિલ્લાના માચેડી વિસ્તારમાં સૈન્ય પેટ્રોલિંગ પર હુમલો કર્યો અને જુનિયર કમિશન્ડ ઓફિસર (જેસીઓ) સહિત પાંચ સૈનિકોની શહીદ થયા હતા ,જેના બાદ આ આંતરરાજ્ય સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ આતંકી હુમલા માટે જવાબદાર આતંકવાદીઓની શોધખોળ દરમ્યાન અત્યાર સુધીમાં 50 થી વધુ લોકોની પૂછપરછ માટે અટકાયત કરવામાં આવી છે.

## FOOTBALL FINAL

ફુટબોલમાં, ઇંગલેન્ડે નેધરલેન્ડ્સને 2-1થી હરાવીને યુઇએફએ યુરોપિયન ચેમ્પિયનશીપ 2024 ફાઇનલમાં સ્થાન મેળવ્યું છે. આજે સવારે ડોર્ટમુન્ડમા યોજાયેલી બીજી સેમિ ફાઇનલમાં ઇંગલેન્ડના ખેલાડી ઓલિ વોટકિન્સે 90મી મિનીટમાં ગોલ કરીને નાટ્યાત્મક વિજય મેળવ્યો હતો.

ઇંગલેન્ડ હવે 15 જુલાઇનાં રોજ સ્પેન સામે ફાઇનલ મેચ રમશે.

મંગળવારે સ્પેને ફ્રાન્સને 2-1થી હરાવીને ચેમ્પિયનશીપની ફાઇનલમાં સ્થાન નિશ્ચિત કર્યુ હતું.